## પ્રસ્તાવના

પ્રત્યેક જાહેર સત્તા મંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી કેન્દ્ર સરકાર ધ્વારા સામાન્ય પ્રજાજનને જાહેર સત્તા મંડળોના નિયંત્રણ હેઠળની કોઇપણ પ્રકારની માહિતી ઉપલબ્ધ કરાવવાના હેતુથી માહિતીના અધિકાર બાબતનો અધિનિયમ - ૨૦૦૫ પસાર કરવામાં આવેલ છે તે અન્વયે વ્યવહારૂ તંત્રની રચના કરવા કેન્દ્રીય માહિતી પંચ અને રાજય માહિતી પંચો અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુસાંગિક બાબતો માટેની જોગવાઇ કરવામાં આવેલ છે. લોકશાહીમાં નાગરિકોને માહિતગાર રાખવા અને તેની કામગીરી તેવી માહિતીની પારદર્શિતા માટે મહત્વની જરૂરી છે અને ભ્રષ્ટાચારને નિયંત્રણમાં રાખવા અને સરકારો અને તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે તે પણ જરૂરી છે. ખરેખર વ્યવહારમાં માહિતીને જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન, મર્યાદિત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનિયતાની જાળવણી સહિતના બીજા જાહેર હિતો સાથે સંઘર્ષ થાય તેમ હોઇ લોકશાહી આદર્શની સર્વોપરિતા જાળવતી વખતે આ સંઘર્ષમય હિતો વચ્ચે સંવાદિતા સાધવાના હેતુથી જે નાગરિકો માહિતી મેળવવા માંગતા હોય તેમને માંગ્યા મુજબની માહિતી પુરી પાડવાના આશયથી આ અધિનિયમ સંસદ ધ્વારા પસાર કરવામાં આવેલ છે.

સદર ધારા હેઠળ માહીતી પ્રાપ્ત કરવાના અધિકારને કારણે આમ જનતા, સ્થાનિક પદાધિકારીઓ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, બિન સરકારી સંસ્થાઓ - પ્રજાકિય હકકો માટેના સંગઠનોને અવશ્ય ઉપયોગી થશે. સદર ધારા હેઠળ નિયત થયેલ મેન્યુઅલ ૧ થી ૧૭ નો આ માહિતીમાં સમાવેશ કરવામાં આવેલ છે તે ઉપરાંત કોઇપણ અરજદારને આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અંગે વધુ માહિતી મેળવવાની જરૂરીયાતના સંજોગોમાં જે તે જિલ્લાના માહિતી અધિકારી / મદદનીશ સરકારી માહિતી અધિકારીનો સરળતાથી સંપર્ક સાધી શકાય તે મુજબની જરૂરી વ્યવસ્થા ઝોન / વર્તુળ / વિભાગીય / પેટા વિભાગીય કક્ષાએ કરવામાં આવેલ છે એટલે કે જિલ્લા અને તાલુકા કક્ષાની તમામ કચેરીઓના જવાબદાર અધિકારી પાસેથી જરૂરીયાતની માહીતી ઉપલબ્ધ થઇ શકશે તે ઉપરાંત વધારાની કોઇપણ માહીતી માટે પણ આમ નાગરિક ઉકત ઉલ્લેખિત પદાધિકારીઓનો વિના સંકોચે સંપર્ક સાધી શકે અને તેઓને જરૂરી માહીતી ઉપલબ્ધ થાય તે મુજબનું વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં આવેલ છે.

માહિતી (મેળવવા) અધિકાર -૨૦૦૫ અંતર્ગત નાગરીકોના ઉપયોગ માટે જે માહિતી સુલભ્ય કરવાની છે તે નિયત ૧૭ નિયમ સંગ્રહોમાં તૈયાર કરવામાં આવી છે. તે બોર્ડની વડી કચેરી,ઝોન કચેરીઓ,વર્તુળ કચેરીઓમાં સંગ્રહ સ્વરૂપે પ્રાપ્ય બનાવવામાં આવેલ છે.

# નિયમ સંગ્રહ -૧

| | | |
|---|---|---|
| સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો ૧.૧ | જાહેર તંત્ર (જાહેર સત્તા મંડળ ) જાહેર તંત્ર ઉદ્દેશ/ હેતુ જાહેર સત્તા મંડળ) | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગર<br>રાજયના તમામ ગ્રામ્ય વિસ્તારો તથા શહેરો (મહાનગરપાલિકા અને લશ્કરી કેન્ટોન્મેન્ટ વિસ્તાર સિવાય) ની પ્રજાને પીવાના પાણીની અને ગટર વ્યવસ્થા અંગેની મૂળભૂતજરુરીયાતો પુરી પાડવા માટેની યોજનાઓ તૈયાર કરવા, જે યોજનાઓ તૈયાર થઈ છે તે નિયમિત રીતે ચાલે અને લોકોને નિયત ધોરણોનું શુધ્ધ અને ગુણવત્તાસભર પીવાનું પાણી મળી રહે તે ઉદ્દેશ/હેતુ માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની ગુજરાત સરકારે તા.૨૦/૮/૧૯૭૯ થી રચના કરી છે.બોર્ડની રચના પાછળનો મુખ્ય ઉદ્દેશ રાજયમાં પ્રવર્તતી પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ, પીવાના પાણી અને સ્વચ્છતા કાર્યક્રમમાં ગતિશીલતા લાવવા તેમજ ગુજરાત રાજયમાં પાણી પુરવઠા અને ગટર યોજનાઓમાં ઝડપી વિકાસ અને નિયમન માટેનો છે. |
| ૧.૨ | જાહેર સત્તા મંડળનું મિશન / દુરંદેશીપણું (વિઝન) | ➢ ગુજરાત રાજયના દરેક ગામની વસ્તીને નિયત ધોરણે પીવાલાયક સ્વચ્છ ને ગુણવત્તાવાળું પાણી પૂરું પાડવું.<br>➢ શહેરો (મહાનગરપાલિકા તથા લશ્કરી કેન્ટોન્મેન્ટ વિસ્તાર સિવાય)ને ને સ્છચ્છ અને ગુણવત્તાવાળું પાણી પૂરું પાડવું. |
| ૧.૩ | જાહેર સત્તા મંડળ નો ટૂંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ | ➢ ગુજરાત રાજયની ૧૯૬૦ માં રચના થયા પછી રાજયના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોની પ્રજાને પીવાના પાણીની અને ગટર વ્યવસ્થા અંગેની મૂળભૂતજરુરીયાતો પુરી પાડવાની જવાબદારી રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના જાહેર આરોગ્ય ઈજનેરી પ્રભાગને સોંપવામાં આવેલ. પ્રજાને પીવાના પાણીની અને ગટર વ્યવસ્થાની સગવડો પુરી પાડવાની મૂળભૂત ફરજ જેતે સ્થાનિક સંસ્થાની છે.પરંતુ સ્થાનિક સંસ્થાઓ પાસે જરુરી તાંત્રિક તેમજ આર્થિક ક્ષમતા ન હોવાને કારણે તેઓ સ્વતંત્ર રીતે આ કામગીરી બજાવવા અશકિતમાન જણાતાં રાજય સરકારે તેમને જરુરી તાંત્રિક મદદ મળી રહે તે માટે સ્થાનિક સંસ્થાઓ વતી આ કામગીરી રાજય સરકારના જાહેર આરોગ્ય ઈજનેર વિભાગને સોંપેલ હતી. |
| | | ➢ પીવાના પાણીની સમસ્યા રાજયમાં છેલ્લા ઘણા વર્ષોથી છે.અને તેનું કારણ રાજયની વિશિષ્ઠ ભૂપૃષ્ટ રચના,લાંબો દરિયા કિનારો, બારમાસી નદીઓનો અભાવ તથા વરસાદની ખેંચવાળા વિસ્તારો, ખારોપાટ, ખડકાળ પ્રદેશ,રણ પ્રદેશ વગેરે છે. પીવાના પાણીની સમસ્યાના ઉકેલ માટે તેમજ સ્વચ્છતાના કાર્યક્રમમાં ઝડપ લાવવા રાજય સરકારે નિર્ધાર કર્યો છે. |
| | | ➢ સરકાર પાણીની યોજનાઓ ફકત તૈયાર કરવા પુરતુ જ ધ્યાન આપવા નથી માંગતી પરંતુ જે યોજનાઓ તૈયાર થઈ છે તે નિયમિત રીતે ચાલે અને લોકોને નિયત ધોરણોનું શુધ્ધ અને ગુણવત્તાવાળુ પીવાનું પાણી મળી રહે તે અંગે પણ સજાગ છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ એ આ સેવાને સમર્પિત છે. રાજય સરકારે તેની એક સ્વાયત સંસ્થા તરીકે ૨૦ ઓગષ્ટ ૧૯૭૯ ના રોજ ગુજરાત વિધાનસભાના અધિનિયમ-૧૮-૧૯૭૯ ધ્વારા રચના કરી છે. બોર્ડની રચનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાત રાજયમાં પાણી પુરવઠા અને ગટર યોજનાઓમાં ઝડપી વિકાસ અને નિયમન માટેનો છે.ગુજરાત રાજયની મહાનગર પાલિકાના વિસ્તાર તથા કેન્ટોન્મેન્ટ વિસ્તાર સિવાયના રાજયના તમામ વિસ્તારનો બોર્ડના કાર્યક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. રાજયમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા યોજના ક્ષેત્ર માટે એક સ્વાયત અને ચાવીરૂપ સંસ્થા તરીકેની કામગીરી બજાવવાના હેતુથીબોર્ડની રચના કરવામાં આવેલ છે. |
| | | ગુજરાતપાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અધિનિયમ -૧૯૭૮ ( ગુજરાતએકટ નંબર ૧૮/ સને ૧૯૭૯ )ના પ્રકરણ - ૨ ની કલમ-૪(૧) ની જોગવાઈ મુજબ બોર્ડ નીચેના સભ્યોનું બનશે : |
| | | (ક) આવી નિમણુંક માટે વ્યવસ્થાપકીય હેસિયતથી બહોળો વહીવટી અનુભવને અથવા ટેકનિકલ નિષ્ણાંત તરીકે કુશળતાને કારણે લાયકાત ધરાવતી હોવાનું પોતાને જણાય તે વ્યકિતઓમાંથી રાજય સરકારે નીમવાના અધ્યક્ષ. |

| | | |
|---|---|---|
| | | (ખ) રાજય સરકારે નીમવાના સભ્ય સચિવ, જેઓ વહીવટી અનુભવ અને પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામના અનુભવ ધરાવતા લાયકાતવાળા ઈજનેર હોવા જોઈએ. |
| | | (ગ) રાજય સરકારે હોદ્દાની રૂએ નીમવાના સરકારના નાયબ સચિવના દરજજાથી નીચેના દરજજાના ન હોય તેવા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (હાલ નર્મદા, જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ) માંથી રાજય સરકારના એક પ્રતિનધિ. |
| | | (ધ) રાજય સરકારે હોદ્દાની રૂએ નીમવાના સરકારના નાયબ સચિવના દરજજાથી નીચેના દરજજાના ન હોય તેવા પંચાયત, ગળહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ અથવા આયોજન વિભાગમાંથી રાજય સરકારના એક પ્રતિનધિ. |
| | | (ચ) રાજય સરકારે હોદ્દાની રૂએ નીમવાના સરકારના નાયબ સચિવના દરજજાથી નીચેના દરજજાના ન હોય તેવા,નાણાં વિભાગમાંથી રાજય સરકારના એક પ્રતિનધિ. |
| | | (છ) સ્થાનિક મંડળોના ચૂંટાયેલા વડાઓમાંથી રાજય સરકારે નીમવાના ત્રણ સભ્યો. |
| | | (જ) જેઓ અર્થશાસ્ત્ર અથવા વિકાસ આયોજન અને ઈજનેરી ક્ષેત્રે નિષ્ણાંત હોય તેવા રાજય સરકારે નીમવાના ચાર સભ્યો. આ પૈકી એક મહિલા પ્રતિનિધિની જોગવાઈ તાજેતરમાં ગુજરાત રાજય સરકારે કરી છે. |
| | | (૨) બિન સરકારી સભ્યો તરીકે નિમાયેલી વ્યકિતઓના નામ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા જોઈશે. |
| ૧.૪ અને ૧.૫ | જાહેર સત્તા મંડળની ફરજો જાહેર સત્તા મંડળની મુખ્ય પ્રવૃત્તિઓ /કાર્યો | • પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા અને ગંદકીના નિકાલ માટે યોજનાઓ તૈયાર કરવી,તેનો અમલ કરવો,તેને આગળ ધપાવવી અને તેમાં નાણાંકીય મદદ કરવી. |
| | | • રાજય સરકારને અને સ્થાનિક મંડળોને વિનંતી થયે,ખાનગી સંસ્થાઓને કે વ્યકિતઓને પણ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સંબંધી જરુરી તમામ સેવા આપવી. |
| | | • રાજય સરકારના આદેશો ઉપરથી પાણી પુરવઠા,ગટર વ્યવસ્થા અને મોરીકામ માટે રાજય યોજનાઓનો મુસદ્દો તૈયાર કરવો. |
| | | • બોર્ડના પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સેવા કાર્યના ક્ષેત્રમાં સમાવિષ્ટ વિસ્તારો અને બોર્ડ સાથે કબૂલાતકરી હોય તે સ્થાનિક મંડળોના વિસ્તારોમાં,પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા માટેના દર,વેરા, ફી અને ચાર્જની પુનર્વિચારણા કરવી અને તે અંગે સલાહ આપવી. |
| | | • માલસામાનની જરુરીયાતો આકારવી અને તે મેળવવા તથા ઉપયોગમાં લેવાની વ્યવસ્થા કરવી. |
| | | • પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાની સેવા માટે રાજયનાં ધોરણો ઠરાવવાં. |
| | | • બોર્ડની અથવા જેમણે બોર્ડ સાથે કબૂલાતકરી હોય તેવાં સ્થાનિક મંડળોની દરેક યોજનાના પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના ટેકનિકલ, નાણાંકીય,આર્થિક અને બીજા પાસાની દર વર્ષે પુનઃવિચારણા કરવી. |
| | | • રાજયમાની દરેક પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાની યોજનાના ટેકનિકલ,નાણાંકીય,આર્થિક અને બીજા પ્રસ્તુત પાસાની પુનઃવિચારણા કરી તેનો ખ્યાલ આપી શકાય તેવી સગવડ ઉભી કરવી અને નિભાવવી. |
| | | • રાજય સરકાર આદેશ કરે,તો અને ત્યારે રાજય સરકાર નિર્દિષ્ટ કરે તેવી શરતોએ અને તેવી મુદત માટે કોઈપણ વોટર વર્કસ અને ગટર વ્યવસ્થા ચાલુ કરવાં,ચલાવવા અને નિભાવવાં. |
| | | • રાજયમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સેવાના સંબંધમાં માનવ શકિત અને તાલીમ માટેની જરૂરીયાતો આકારવી. |
| | | • બોર્ડની ફરજો અને કાયો કાર્યક્ષમ રીતે અદા કરવા માટે પ્રયોજિત સંશોધનો કરાવવા. |
| | | • રાજય સરકાર વખતોવખત નિર્દિષ્ટ કરે તેવી ગુજરાત જાહેર આરોગ્ય ઈજનેરી સેવા ધ્વારા બજાવાતા ફરજો અને કાર્યો બજાવવા. |
| | | • આ અધિનિયમની બીજી જોગવાઈઓ હેઠળ બોર્ડને ફાળવી હોય તેવી અથવા રાજય સરકાર ધ્વારા તેને સોંપવામાં આવે તેવી બીજી ફરજો બજાવવી અને કાર્યો અદા કરવા. |
| ૧.૬ | જાહેર સત્તા મંડળ ધ્વારા આપવામાં | • રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજના ધ્વારા સ્ટેન્ડપોસ્ટ બનાવી પ્રજાને પીવાનું પાણી પુરુ પાડવું. |

| | | |
|---|---|---|
| | આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ | |
| | | • રાજયના અનુસુચિતજનજાતિ / આદિવાસી વિસ્તારોમાં દર ૫૦ માણસ દીઠ એક હેન્ડપંપની ઉપલબ્ધી પુરી પાડવી. |
| | | • ભૂગર્ભજળનીબગડતી જતી ગુણવત્તાના પર્યાય તરીકે નર્મદા કેનાલ અને મોટા જળાશયોનું ફીલ્ટર કરેલું પાણી જુથ યોજનાઓ મારફતે એક કરતાં વધુ ગામોને પુરુ પાડવું. |
| | | • અછતના સમય દરમ્યાન દૂરના અંતરેથી માથા દીઠ ત્રીસ લીટર જેટલું (પશુ સહિત) પાણી પુરુ પાડવું. |
| | | • રાજયના આદિવાસી વિસ્તાર માટે ખાસ પાણી પુરવઠા યોજનાઓનું આયોજન / અમલીકરણ કરવું. |
| | | • રાજયના દરેક ગામના અનુસુચિતજાતિના વિસ્તારવાળા ફળિયા / પરામાં પીવાના પાણીની સુવિધા પુરી પાડવી. |
| | | • કચ્છના રણ વિસ્તારમાં બલ્ક પાઈપ લાઈન થકી તથા સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાત અને પંચમહાલ જિલ્લાના ગામોને અને શહેરોને બલ્ક પાઈપ લાઈન ધ્વારા નર્મદાનું પાણી પહોંચાડવાનું આયોજન. |
| | | • સુજલામ - સુફલામ યોજના ધ્વારા ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છના પીવાના પાણીની અછતવાળા દશ જિલ્લાઓને પાણી પુરુ પાડવું. |
| | | • પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા આપવી. |
| | | • વરસાદના પાણીનો પુરેપુરો સંગ્રહ થાય અને ભૂગર્ભના તળ ઉંચા આવે તે માટે હયાત જળસ્ત્રોતની આજુબાજુમાં લોક ભાગીદારીથી ચેકડેમ બાંધવા. |
| | | • વરસાદી પાણીના સંગ્રહ માટે લોક ભાગીદારીથી સ્ટોરેજ ટાંકા બનાવવા. |
| | | • શહેરી ભૂગર્ભગટર યોજનાઓ થકી શહેરી સ્વચ્છતા કાર્યક્રમનું અમલીકરણ. |
| ૧.૭ | જાહેર સત્તા મંડળના રાજય, નિયામક કચેરી, પ્રદેશ, જિલ્લો,તાલુકા વિગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ (જયાં લાગું પડતું હોય ત્યાં) | • આ સાથે અલગ આલેખ સામેલ છે. |
| ૧.૮ | જાહેર સત્તા મંડળની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ | • પાણીનો ન્યુનત્તમ બગાડ અને સુચરૂ ઉપયોગ. |
| | | • બોર્ડ ધ્વારા યોજનાઓ બનાવવા માટે નિયત લોક ભાગીદારી મુજબનો લોકફાળો ભરવા માટેની જાગૃતિ અને યોજનાઓની વ્યવસ્થિત જાળવણી. |
| | | • પીવાના પાણીની ફરિયાદ સમયસર યોગ્ય સ્થાને/ સ્તરે કરવામાં આવે તો પ્રશ્નનું નિરાકરણ ઝડપી અને સમયસર આવી શકે તેવો લોક અભિગમ. |
| | | • ખેતરોમાંથી પસાર થતી પાણીની પાઈપ લાઈનમાંથી ગેરકાયદેસર જોડાણ ન લેવા તથા પાઈપ લાઈનને નુકશાન ન કરવા / અટકાવવા લોકોનો સહકાર. |
| | | • લોકો સુધી પીવાનું પાણી ખરેખર નિયમિત પહોંચે તે પ્રકારનો બોર્ડને સહકાર આપવો. |
| | | • પાણીના વપરાશ,બચત,સંભાળ,રીચાર્જીંગ તથા પાણીના યોગ્ય નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થાની જાળવણી. |
| ૧.૯ | લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ | • બોર્ડ હેઠળની ગુજરાત જળસેવા તાલીમ સંસ્થા સેકટર-૧૫, ગાંધીનગર ખાતે માહિતી, શિક્ષણ અને પ્રસાર એકમ ધ્વારા લોકોનો સંપર્ક સાધવામાં આવે છે. |
| | | • આ એકમ / બોર્ડ ધ્વારા પીવાના પાણીની માહિતી પુસ્તિકાઓ, પોસ્ટર્સનું વિતરણ તથા જાહેર સમારંભ / મેળાવડા કરવામાં આવે છે. |
| | | • દૂરદર્શનના માધ્યમથી પાણી પુરવઠાને લગતી શ્રેણીઓ જેવી કે જળ એ જીવન,પાણીનો મહીમાના |

| | | |
|---|---|---|
| | | પ્રસારણની વ્યવસ્થા કરેલ છે. |
| | | • મુખ્ય કચેરી ધ્વારા અરજદારોને ફરિયાદ સંબંધિત સીધા પ્રત્યુતર પાઠવવામાં આવે છે.<br>પ્રજાના પ્રતિનિધિઓ તરફથી મળતા પત્રો અને ફરિયાદોનો બોર્ડની વેબસાઈટ પર મૂકવામાંઆવે છે. |
| ૧.૧૦ | સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર | • બોર્ડની મુખ્ય કચેરી ખાતે તથા જિલ્લા / તાલુકાની કચેરીઓમાં અરજદારો માટે નાગરિક સુવિધા કેન્દ્રની વ્યવસ્થા છે. |
| | | • મુખ્ય ઈજનેરશ્રીની ઝોન કચેરી / વર્તુળકચેરી / વિભાગીય કચેરી / પેટા વિભાગીય કચેરીના સંબંધિત અધિકારીઓના નામ અને સરનામાં બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. જેથી કઈ કચેરીમાં કોને અન્વયે કોને ફરિયાદ કરવાથી તેનું નિરાકરણ થાય તે માટેનું માર્ગદર્શક માળખું રાખેલ છે. |
| | | • ટેન્ડર વિગેરેમાં પારદર્શિતા લાવવા ઈ-ટેન્ડરીંગની અધતન પધ્ધતિનો અમલ કરાયેલ છે. અને ટુ બીડ કવર પધ્ધતિ દાખલ કરેલ છે. આ પધ્ધતિ અપનાવવામાં સમગ્ર રાજયમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પ્રથમ છે. |
| | | • મોટી યોજનાઓમાં જોઈતી માલસામાનની ખરીદી તેમજ કામોની ગુણવત્તા માટે થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનની પ્રથા દાખલ કરેલ છે. |
| | | • બોર્ડને સંબંધિત માહિતીઓનો સમાવેશ બોર્ડની પોતાની વેબસાઈટમાં કરેલ છે. |
| | | ઝોન કક્ષાએ કામોની ગુણવત્તાની ચકાસણી અર્થે એન્ફોર્સમેન્ટ વિભાગ, ગુણવત્તા સંબંધિત ફરિયાદોના નિવારણ માટે બોર્ડની પોતાની તકેદારી શાખા તથા તે ઉપર સરકારશ્રીના તકેદારી આયોગની વ્યવસ્થા છે. |
| ૧.૧૧ | મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીઓના સરનામાં (વપરાશકારને સમજવામાં સરળ પડે તે માટે (જિલ્લાવાર વર્ગીકરણ કરેલ છે. | • આ સાથે અલગ આલેખ સામેલ છે. |
| ૧.૧૨ | કચેરી શરૂ થવાનો સમય<br>કચેરી બંધ થવાનો સમય | • સવાર ૧૦-૩૦ કલાક<br>• સાંજ ૧૮-૧૦ કલાક |

**અહિં ક્લિક કરો**

**નિયમ સંગ્રહ-૧ (૧.૭ અને ૧.૧૧)**

**જાહેર સત્તા મંડળના રાજય નિયામક કચેરી, પ્રદેશ, જિલ્લો,તાલુકા વિગેરે સ્તરોએ સંસ્થાગત માળખાના આલેખ.**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (મુખ્ય કચેરી),ઝોન કચેરીઓ, વર્તુળ કચેરીઓ, વિભાગીય કચેરીઓ અને પેટા વિભાગીય કચેરીઓની સંક્ષિપ્ત માળખાકીય માહિતી.**